# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અને કામધેનુ યુનિવર્સિટી

www.aau.in www.nau.in www.sdau.edu.in www.jau.in www.ku-guj.org

## ધોરણ-૧૦ પછીના કૃષિ સંલગ્ન પોલીટેકનિક ડીપ્લોમા અભ્યાસક્રમોમાં કેન્દ્રિય પ્રવેશ કાર્યક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭

ગુજરાત રાજ્યની આણંદ, નવસારી, સરદારકૃષિનગર-દાંતીવાડા અને જૂનાગઢ ખાતેની કૃષિ યુનિવર્સિટીઓ તથા કામધેનુ યુનિવર્સિટી (અંગભૂત અને સંલગ્ન) પોલીટેકનિકો અંતર્ગત ચાલતા ધોરણ-૧૦ પછીના કૃષિ સંલગ્ન વિવિધ ડીપ્લોમા અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા લાયકાત ધરાવતા ઉમેદવારોએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન પ્રવેશ માટે ઓનલાઇન અરજી વેબસાઇટ www.gsauca.in મારફત કરવાની રહેશે. આ જ વેબસાઇટ પરથી માહિતી પુસ્તિકા તથા હેલ્પ સેન્ટરની તેમજ અન્ય જરૂરી વિગતો ઉપલબ્ધ થશે.

ધોરણ-૧૦માં ગુજરાતી/પ્રાદેષિક ભાષા, ગણિત, વિજ્ઞાન/વિજ્ઞાન અને ટેક્નોલૉજી, સમાજવિધા/સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી વિષયમાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના ઉમેદવારોએ ઓછામાં ઓછા ૩૩% અને અન્ય ઉમેદવારોએ ૪૦% ગુણ મેળવેલ હોય તે અરજી કરી શકશે.

| |
|---|
| પોલીટેકનિક અભ્યાસક્રમો : કૃષિ/બાગાયત/કૃષિ ઈજનેરી/એગ્રો પ્રોસેસિંગ/ન્યુટ્રીશન અને ડાયેટેટિક્સ/પશુપાલન/ગૃહ વિજ્ઞાન |

પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોએ www.gsauca.in વેબસાઇટ પરથી તા.૧૩/૦૬/૨૦૧૬ થી તા.૦૫/૦૭/૨૦૧૬ દરમ્યાન ચલણ ફોર્મની પ્રિન્ટ મેળવી એચ.ડી.એફ.સી. બેન્કની કોઈપણ શાખામાં કામકાજના સમય દરમ્યાન અરજી ફી પેટે રૂા.૧૦૦/- ચલણથી ભરવાના રહેશે અને તા.૧૫/૦૬/૨૦૧૬ થી તા.૦૮/૦૭/૨૦૧૬ સુધીમાં ઓનલાઈન અરજી કરી કૃષિ યુનિવર્સિટીઓના કોઈપણ હેલ્પ સેન્ટર પર અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવ્યા બાદ ફોર્મની નકલ મેળવી લેવાની રહેશે. હેલ્પ સેન્ટર ખાતે ચકાસણી કરાવેલ ફોર્મ જ પ્રવેશ પ્રકિયા માટે માન્ય રહેશે.

પ્રવેશ પ્રક્રિયા અંગેની સઘળી વિગતો www.gsauca.in પર ઉપલબ્ધ છે.

તા.૨૭/૦૫/૨૦૧૬

કુલપતિ અને નોડલ અધિકારીશ્રી (શિક્ષણ)
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ